# શ્રી વલ્લભાધીશના ચરણકમલના દિવ્ય દર્શન

નિવેદક : **નંદકુમાર જે. ગાંધી**

સેવક મંત્રી : **શ્રી વલ્લભ સિધ્ધાંત સંરક્ષણ સમિતિ**

ટેક્નો હાઉસ, બાલાહનુમાન,

ગાંધીરોડ, અમદાવાદ-૧.

**ફોન : (O) 22141600**

**(R) 25453842 (M) 9327075958**

પ્રકાશક : **કિશોર જે. પરીખ**

પહેલે માળ, કડીયાવાડી,

પાંચકુવા, અમદાવાદ-૧.

ફોન : ૨૨૧૪૩૩૭૪

પ્રથમ પ્રત = **૩૨,૦૦૦**

મુદ્રક : **શ્રી હરિહર પ્રીન્ટીંગ વર્કસ,** અમદાવાદ.

ફોન : (૦૭૯) ૨૨૧૩૧૩૧૧

(૧) વિશ્વને ખૂણે ખૂણે આ પૂસ્તિકા પહોંચાડવા ૩૨,૦૦૦ના લોટમાં સતત છપાતી જ રહેશે.

(૨) પૂ. ગોસ્વામી આચાર્યોએ આ પૂસ્તિકા વિષે અભિપ્રાય/આશિર્વચનો અમોને મોકલવા કૃપા કરશો તો તે પૂસ્તિકામાં અવશ્ય છપાશે. અમને હાથોહાથ મળે તેવી રીતે કુરીયર યા રૂબરૂ પહોંચે તેમ વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

## ● પૂસ્તિકા અંગે માર્ગદર્શીકા ●

ફોટા નં. ૨ સ્વજનો અગર ગુરૂદેવ યુગલ સ્વરૂપ યા પિતૃચરણ સાથે ૧૦૦૦ કોપી ના ૫૦૦૦ રૂા. + મોકલવાનો ખર્ચ અલગ

સ્વજનોના ફોટા વિના ૧૦૦૦ કોપીના

રૂા.૪૫૦૦ + પોસ્ટેજ ખર્ચ અલગ

પૂસ્તિકા માટે કોઈ પણ પ્રકારની સહાય શુભેચ્છકો તરફથી સ્વીકારતા નથી. તમો જે પણ રકમ

મોકલશો તેની ગણત્રી પ્રમાણે પૂસ્તકો મળશે. મોકલવા માટે પુરૂ એડ્રેસ લખવું. ફોનથી સંપર્ક રાખવો.

લગ્ન પ્રસંગે, જન્મ પ્રસંગે, જન્મદિવસ પ્રસંગે ઉત્સવ ગુરૂદેવના જન્મદિને યા અન્ય ખુશાલીમાં વહેંચી મહાપ્રભુજીના દિવ્ય સંદેશને પુરા વિશ્વમાં ફેલાવો.

આ પૂસ્તિકાનું સમગ્ર લખાણ તેમજ તે સિવાય માર્ગના સિદ્ધાંતોની સમજ, પાઠના અઘરા શબ્દોના ઉચ્ચારોથી મુશ્કેલી નિવારવા બધા જ પાઠ સ્પષ્ટ ઉચ્ચારોમાં અર્થ સાથેની કેસેટ સીડી ફક્ત રૂ.૧૧-૦૦ નંગ ૧ના પ્રમાણે + મોકલવાનો ખર્ચ અલગ

૫ જાન્યુઆરી, ૨૦૦૫ શ્રી ગુંસાઈજી પ્રાકટ્ય દિન માગસર વદ-નોમ ૨૦૬૧

## ॥ શ્રી ગોકુલેન્દુર્જયતિ ॥
## શ્રી વલ્લભોજયતિ ॥

આ કળિયુગમાં ભૌતિક વસ્તુઓમાં વ્યસ્ત જીવોને સત્સંગ અને તે દ્વારા ભગવદ્ પ્રાપ્તિ દુષ્કર થઈ પડી છે. તો રૂચિવાન જીવોને શ્રી વલ્લભાધીશના નામ, રૂપ, ગુણાનું પાન અને તે દ્વારા શ્રી કૃષ્ણસેવામાં પ્રવણ થવાય તો જ શક્ય બનશે જો શ્રી વલ્લભચરણારવિંદના ચિહ્નોનું આસ્વાદન અને મનન અને સ્મરણ કરાય. જો જીવો આ ચિહ્નોના વર્ણનનું રસપાન કરશે તો શ્રી વલ્લભ એવ ગતિઃ મમ થકી ભગવદ્ પ્રાપ્તિ થશે. પુષ્ટિ સંપ્રદાયના જીવોને ભગવાન શ્રી કૃષ્ણ વલ્લભાધીશ સ્વરૂપે કૃપા કરી અંગીકાર કરે છે. શ્રી નંદકુમાર ગાંધી એ વલ્લભાધીશના ચરણચિહ્નોનું વર્ણન પ્રકાશિત કરી સંપ્રદાયની નામ સેવા કરી છે તે માટે તેમને ખૂબ ખૂબ આશીર્વાદ.

– ગોસ્વામી શ્રી કનૈયાલાલજી, વીરમગામ.

# શ્રી મંગલાચરણ

## છંદ-અનુષ્ટુપ

ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥

યદનુગ્રહતો જંતુઃ સર્વદુ:ખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥૨॥

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૩॥

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥૪॥

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોડસૌ પંચધા હૃદયે મમ ॥૫॥

## શુભકામના

કલિયુગ ચારે બાજુએ વ્યાપી રહ્યો છે. શ્રી મહાપ્રભુજીએ અંતિમ શિક્ષા નિજજનોને- નિજવંશજનો ।। શિક્ષાશ્લોકો ।। દ્વારા વંશજો પતિ શીક્ષા આપી હતી તેના શબ્દો ફરી સ્મરી લઈએ. કેમકે ૯૯ ટકા સૃષ્ટિ ને સ્મૃતિમાંથી જ સહજતાથી નીકળી ગઈ છે.

યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન ।

તદા કાલ પ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ।।૧।।

સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ ।

ન લૌકિકઃ પ્રભુ કૃષ્ણો મનુ તે નૈવ લૌકિકમ્ ।।૨।।

ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચેહિકશ્ચૈ સઃ ।

પરલોકશ્ચ તેનાયં સર્વ ભાવેન સર્વથા ।।૩।।

સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ।।૩।।

આ મહત્ત્વની આજ્ઞાનો અનાદર નિજવંશમાં પણ

કેટલો અસરકર્તા રહ્યો છે તે સૌ કોઈ જાણે જ છે. શ્રી વલ્લભાધીશે સમુદ્ર અને સરસ્વતી પણ ઓળંગેલ નહી અને નહી ઓળંગવાનો ઉપદેશ પોતાના જીવનમાંથી શિખવાની બધાને તક આપી જ હતી. સ્વરૂપ એકાગ્રતાને બદલે ચારેકોરથી અશાંતિનો દોર દોડાદોડી કરાવી સેવ્યસ્વરૂપથી વિમુખ કરાવી પ્રભુને પ્રાપ્ત કરવાના અંતરાયો વધારી રહ્યા છે. શ્રી ગુંસાઈજીને ન્યાય આપવા માટે રાજા–બાદશાહો તરફથી આમંત્રણ મળતું હતું જયારે આથી ઊલટું એક અમલદારને સાહેબ કહી કામ કઢાવવું પડે છે. ગૃહસેવાના બદલે મંદિરો વધતાં આચાર્યોને તેના વહિવટ માટે કફોડી સ્થિતિમાં આવી જવું પડે છે અને પડશે. માનસિક અશાંતિમાં મનગમતા શ્રીવલ્લભના આદેશોનું પાન કરવાનો અવકાશ કાયદાઓની આંટીઘુંટીના નિવારણોમાં ખર્ચાઈ જાય છે. આવા સમયમાં ભક્તો

શું આશા કરી શકે ? તેથી ભાગવત કથાઓ, લોટી મહોત્સવો–મનોરથોના અલ્પ આનંદમાં પોતાના કિંમતી સમયનો અંદાજ લગાવી શક્તા નથી. આના કારણે પ્રભુ શ્રી વલ્લભાધીશ પારાવાર શ્રમ લઈ જીવને ઠાકોરજી પાસે પહોંચાડવા ખૂબ જ ટૂંકો રસ્તો જે રસ્તે મહાવનની ક્ષત્રાણી ચરણકમલના સેવનથી લીલા પ્રાપ્તિ કરી શકી હતી. તેજ ભૂલાઈ ગયેલો રસ્તો આપ સૌને યાદ કરાવતાં  અત્યંત આનંદ અનુભવી રહ્યો છું. આ રસ્તાને પ્રાપ્ત કરતાં આપના હૃદયમાં જે આનંદની અનુભૂતિ થાય તે મારા ગુરૂદ્વાર પૂ. શ્રી વ્રજરત્નલાલજી સુરત ષષ્ઠ પીઠાધીશ્વર મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કરૂં છું.

– નંદકુમાર જમનાદાસ ગાંધીના જયશ્રીકૃષ્ણ.

# નમ્ર નિવેદન

હજારો વર્ષોથી વિખુટા પડેલ જે દૈવી જીવો પાછા શ્રી પ્રભુની નિકુંજમાં આધિદૈવિક સેવામાં શ્રી યમુનાજી થકી નહીં પહોંચ્યા તેની શ્રી સ્વામિનીજીએ કૃપાદ્વારા તીવ્ર યાદ કરી લીલામાં પાછા તે જીવોને લાવવા માટે શ્રી વલ્લભ પ્રભુએ રાસલીલા જેવા અનેક સુખો છોડી ભૂતલ પર પ્રકટ થઈ ખૂબ જ શ્રમ લઈ કેવલ દૈવીજીવોના ઉદ્ધાર માટે જ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો. કૃપા/અનુગ્રહના અર્થે સેવા માર્ગે પ્રગટ કરી બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા પોતાનું (જીવનું) ગણાતુ સર્વે પ્રભુને અર્પણ કરાવી અહંત્વ અને મમત્વનો સંબંધ પ્રભુ સાથે જોડાવી જીવોને નિરાવરણ કરી સમર્પિત જીવન જીવવાની તથા અનન્ય ભક્તિ કરવા અન્યાશ્રય ત્યજી ભગવદ્ આશક્તિ સહ સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન, મનન, ચિંતન વિગેરે દ્વારા ભક્તોના ચિત્તનો નિરોધ પ્રભુમાં કરાવવાનો પ્રયત્ન કર્યો. જીવોનો ઉદ્ધાર પુષ્ટિ રીતિથી

કૃષ્ણ પ્રેમ"ના નામના ફલ પ્રમાણે મળતી તે બંધ થઈ. શ્રી વલ્લભાધીશે તો આવા જીવોને પ્રભુની કુંજમાં પહોંચાડવાનું શ્રી ઠાકોરજીને વચન આપીને આવ્યા છે એટલે તો તેમનો શ્રમ વધી ગયો છે. "શુધ્ધા પ્રેમ્ણા અતિ દુર્લભા" જે કવચીત જીવો બાકી રહ્યા છે તેમને માટે મારા ગુરૂદ્વાર શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ષષ્ઠપીઠાધીશ્વર) સુરતવાળાની મને હૃદયમાં પ્રેરણા થતાં શ્રી વલ્લભાધીશના શ્રમની નિવૃત્તિ હેતુ આ નાનકડી પુસ્તિકામાં નાકની દાંડીએ ચાલ્યા જાવ ને પ્રભુ પ્રાપ્ત થઈ જાય તેવો ટુંકો રસ્તો બતાવવાનો પ્રયાસ શ્રી વલ્લભના દાન કરેલ મનોબળે પ્રભુકૃપાથી થઈ રહ્યો છે. હજારોની સંખ્યામાં આ પ્રતો વિશ્વને ખૂણે ખૂણે પહોંચી ભગવદીયોને શ્રી વલ્લભકૃપાસિંધુનું એક બિંદુ પણ પ્રાપ્ત થાય તેવો પ્રયાસ પ્રભુકૃપાબળે થઈ રહ્યો છે. વૈષ્ણવ આ પુસ્તિકા પોતાના હાથમાં આવતા તેઓ પણ આગળના પ્રચારમાં

એટલે કે સામે ચાલીને દૈવી જીવોને ખોળી ખોળીને અંગીકાર કરી નિત્ય લીલામાં પ્રભુ પાસે પહોંચાડ્યા. વલ્લભ પ્રભુની આસુર વ્યાહમોહલીલા બાદ વલ્લભ કુલ પરિવારના બાલકો પાસેથી ગદ્ય મંત્ર સહિત બ્રહ્મ સંબંધ પ્રાપ્ત કર્યા પછી પણ જીવોને સત્સંગના અભાવે તથા મહાકલીયુગના પ્રભાવે ઘરમાં શ્રી ઠાકોરજી પધરાવી સેવા કરવાને બદલે હવેલી મંદિરોમાં ગીડદી જમાવતા થઈ ગયા. આઠ સમામાંથી એકાદ સમાના દર્શન કરી વર્ષમાં એકાદ બે મનોરથો કરાવી પોતાના જીવનને ધન્ય માનવાવાળો બહું મોટો સમુદાય થઈ ગયો. આવી મોટી સંખ્યાના સમુદાયનો દુરૂપયોગ ધંધાદારી વક્તા / આયોજકોએ શ્રીમદ્ ભાગવત સપ્તાહોના આયોજનો કરી અઢળક નાણાં ભગવદ્ સ્વરૂપોના વેપારથી મેળવવાનું ચાલુ કર્યું. પરિણામે અંગીકૃત જીવને પણ પ્રભુની કૃપા જે સહજતાથી પ્રભુની સન્મુખ બેસવાથી (સેવામિષે) "સાનિધ્ય માત્રદત્ શ્રી

સહભાગી થાય અને પ્રભુના શ્રમની નિવૃત્તિની સેવામાં લાગી જાય તેવી મારી નમ્ર અરજ છે.

પ્રભુ જ્ઞાન કે પંડીતાઈથી પ્રાપ્ત થતા નથી. અસંખ્ય ભાગવત સપ્તાહો સાંભળ્યા પછી પણ જો સેવામાં ચિત્ત ન લાગે તો તેનો કોઈ અર્થ કે પ્રયોજન નથી જ એમ નિશ્ચય કરવો યોગ્ય જ છે. તો પછી હવે શું કરવું ? તેનો ઉપાય "શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલુ" તેમાં જ રહેલ હોવાથી તેના અનન્ય થઈશું એ માટે અસમર્પિત એટલે પ્રભુને આરોગાયા વગર અન્નાદિ ન ખાવા તેમજ જલ વગેરે પણ ન લેવાં અને નિવેદિત પુષ્ટિમાર્ગની પ્રણાલિકામાં જીવનાર વૈષ્ણવનો અહર્નિશ સંગ કરવા સાથે ભગવદ્ ભાવ પોષક ગ્રંથોની અહર્નિષ મનન કરે તો સ્વતંત્ર ભક્તિના પ્રમેય બલથી પ્રભુ સર્વ સિદ્ધ કરી જ દેશે તેમ દૃઢ વિશ્વાસ રાખી સેવા, સ્મરણ, ગુણગાનમાં લાગી જાવ. શ્રી વલ્લભાધીશના નામો બોલતા સ્વરૂપો આધિદૈવિક પ્રગટ થઈ જાય છે. આપણા

લૌકિક ચક્ષુઓથી ભલે દર્શન ન થાય પણ તે સતત કૃપા વરસાવી તાપભાવનું દાન કરી જીવનો અલૌકિક દેહ સિદ્ધ કરે છે તેમાં કોઈ સંશય નથી. આ કાર્ય નરી આંખે જેમ દુધમાં નાખેલા દહીંના એક ટીંપાની અસર દેખી શકાય નહીં પણ સમયાંતરે દહીંમાં રૂપાંતર જોઈ શકીએ છીએ તેવી જ રીતે શ્રી વલ્લભ પ્રભુની કૃપાનું બિંદુ શું ન કરી શકે ? તેવો દૃઢ ભાવ હૃદયમાં રાખવો અને અનન્ય રીતે તેનું ભજન સ્મરણ અને મનન કરવું.

શ્રી હરિરાય મહાપ્રભુજીએ દરેક શિક્ષાપત્રમાં દૈવી જીવોને ઉદ્‌બોધ કર્યો છે કે શ્રી વલ્લભાધીશના ચરણ કમલમાં દૃઢ આશ્રય કરી ચરણ કમલ હૃદયમાં પધરાવી લો તો દૈવી જીવોના સકલ મનોરથ સિદ્ધ થઈ જશે જ ! ભક્તોનો મનોરથ પ્રભુના તત્સુખાત્મક સેવા ઉપયોગી અલૌકિક આધિદૈવિક દેહ સિવાય શું હોઈ શકે ? ચરણ કમલમાં એવું તો શું છે કે સહજતાથી બધુ

પ્રાપ્ત થઈ જાય ? તો સાંભળો ! શ્રી વલ્લભે પોતાના બંને ચરણાવિંદમાં ભક્તોના અલૌકિક કાર્યો સિદ્ધ કરવા માટે જુદા જુદા ચિન્હો ધારણ કરેલ છે જેની કુલ સંખ્યા ૧૫ છે. તેના રહસ્યો અહીં ટુંકાણમાં પ્રગટ કર્યા છે. જેથી ભગવદીયો ચરણકમલ ચિન્હોના માહાત્મ્યજ્ઞાનને પ્રાપ્ત કરતાં પ્રભુના ચરણાવિંદમાં પ્રિતી થતાં ચરણકમલ હૃદયમાં ધારણ કરશે અને આવા હૃદયમાં જયારે સર્વોત્તમ વલ્લભાષ્ટક તથા સપ્તશ્લોકીના સતત પાઠ થશે ત્યારે શું થશે તે વિગતવાર સમજીએ.

શ્રી મહાપ્રભુજીના ચરણકમલમાં અનન્યતા રાખી અન્યાશ્રયના ત્યાગપૂર્વક શ્રી વલ્લભના નામરૂપ અને ગુણ તેનું નિત્ય ખૂબ જ ભાવથી સ્મરણ કરવામાં આવે તો શ્રી વલ્લભ નામરૂપી સૂર્યનો હૃદયમાં ઉદય થાય છે ત્યારે ભગવદ્ પ્રપ્તિમાં સમસ્ત પ્રતિબંધ તથા અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી દે છે આથી દૈવીજીવો

નિરાવરણ થાય છે. તેઓને પોતાના આધિદૈવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે જ તેને ભાન થાય છે કે મારા સર્વસ્વ પ્રભુ છે અને ત્યારે જ પ્રભુ પ્રાપ્તિની તાપાગ્નિ પ્રગટ થાય છે. યુગલ સ્વરૂપની પ્રણય લીલાઓના શ્રવણની ઈચ્છા કરે છે. પ્રભુના સ્વરૂપમાં તથા લીલામાં તેનું મન મોહિત થાય છે. સમાનશીલ ભક્તોના સંગની ઈચ્છા કરે છે. યુગલના લીલા વિહારમાં, તેના શ્રવણમાં મન લોભાયમાન થાય છે. પ્રભુની લોકવેદ વિરૂદ્ધ લીલા માખણચોરી – પનઘટલીલા – દાનલીલા – વસ્ત્રહરણલીલા વિગેરે લીલાઓમાં ખૂબ જ રૂચી થવા લાગે છે. કેમ કે નિરાવરણ થયા પછી દૈવીજીવ પ્રભુની સેવા સ્મરણ ગુણગાનમાં જ ડુબેલો રહે છે અને લીલાઓનું શ્રવણ ખૂબ જ રૂચિપૂર્વક કરે છે. જ્યાં કાલ અને માયાનો ભય નથી કે કાલ અને માયાના ધર્મનો જ્યાં પ્રવેશ નથી એવું નિર્ભય સ્થાન તો પ્રભુનું લીલાધામ છે.

આવા લીલાધામ, શ્રી વલ્લભના નામ સ્મરણ કરવાવાળાના હૃદયમાં પ્રગટ થઈ જાય છે અને અખંડ આનંદનો અનુભવ પ્રભુના સ્વરૂપથી કરે છે. નિત્યલીલાધામમાં પ્રેમની બે અવસ્થા સર્વોત્કર્ષ છે. એક ધર્મી સંયોગાત્મક અને બીજી ધર્મી વિપ્રયોગાત્મક આ બે અવસ્થાવાળા ભક્તોમાં ભાવાત્મક સ્વરૂપની સ્થાયી સ્થિતિ છે. ધર્મીસંયોગમાં લીલા સહિત સ્વરૂપાનુભવ છે અને ધર્મીવિપ્રયોગમાં કેવલ સ્વરૂપનો અનુભવ છે. આનું દાન કરવા માટે જ શ્રી વલ્લભ પ્રભુ ભૂતલ પર પ્રગટ થયા છે તેમના ગુણગાનથી શ્રી વલ્લભ પ્રભુની પ્રસન્નતા થાય છે અને તેમની પ્રસન્નતાથી જ આપશ્રીના દુર્લભ ચરણકમલની પ્રપ્તિ થાય છે.

આ પ્રકારે દક્ષિણ ચરણના ૭ અને વામચરણના ૮ ચિન્હોને ધારણ કરી મનન અને નમન વારંવાર કરવું તેમજ આ ચિન્હોનું કિર્તન કરવું તેમાંથી મહાત્મ્યપૂર્વક

સુદૃઢ સ્નેહ થશે અને મહાત્મ્યભાવની દૃઢતાથી આપમાં અનન્ય પતિવૃત્તભાવ સિદ્ધ થાય છે ત્યારે જ આપશ્રીનું અદેય સ્વરૂપ નિ:સંદેહ પ્રાપ્ત થશે જ કેમ કે આપ પતિવૃત્તાના પતિ છે તેથી પતિભાવથી સદા પોતાના ચરણકમલથી નિકટ રાખી પોતાનો નિરવધિ રસાનુભવ કરાવશે. ચરણકમલ ભક્તના પક્ષપાતી છે સમગ્ર પ્રતિબંધ નિવૃત્ત કરી શ્રી વલ્લભ પ્રભુમાં નિર્હેતુક ભક્તિભાવનું દાન કરે છે તેથી પુરૂષાર્થની અવધિરૂપ આપશ્રીના દુર્લભ યુગલ ચરણકમલના ચિન્હોની ભાવભાવના નો વલ્લભીઓ સદા આશ્રય કરો !

શ્રી વલ્લભાધીશ કે ચરણ નખ ચિન્હ કો
ધ્યાન ઉર મેં સદા રહત જીનકે ।
કટત સબ તીમીર મહા દુષ્ટ કલિકાલકે
ભક્તિ રસ ગૂઢ દૃઢ હોત તીન કે ॥૧॥
જંત્ર ઔર મંત્ર મહા તંત્ર બહુ ભાંત કે

અસુર ઓર સુરન કો ડરન જીન કે ।
રહત નિરપેક્ષ અપેક્ષ નહીં કાહુ કી
ભજન આનંદ મેં ગીને ન કીનકે ॥૨॥
છાંડ ઈનકો સદા ઔર કો જે ભજે
તે પરે સંસાર માંહે ભ્રમ કે ।
ધાર મન એક શ્રી વલ્લભાધીશ પદ,
કરત મન કામના હોત જીન કે ॥૩॥
મન ઉન્મત્ત સો ફિરત અભિમાન મેં
જન્મ ખોયો વૃથા રાત દિન કે ।
કહત શ્રુતિ સાર નિરધાર નિશ્ચય કરી
સર્વદા શરણ "રઘુનાથ" જીનકે ॥૪॥

મારા અલ્પ નિવેદનને પુષ્ટ કરનાર પ્રમાણરૂપ ઉપરનું પદ સમજશો, વિચારશો તો મહેસુસ થશે કે જે કવચીત જીવો નિકુંજના રહ્યા છે તે આમાં ડૂબી જશે અને શ્રી વલ્લભ પ્રભુના શ્રમની નિવૃત્તિ કરાવી તેમને સુ:ખદ બનશે જ તેવા દૃઢ વિશ્વાસ સાથે વિરમું છું. એજ નંદકુમાર જમનાદાસ ગાંધી ના સ્નેહપૂર્વક ભગવદ્ સ્મરણ –

# સ્તુતિ

**કમલ વજ અરૂ ગદાપતાકા, તોરણ અતિ મન ભાવે.**
**સુખદ વલ્લીશ્રી ધનુષ કે દક્ષિણ ચરણ ઉર લાવે,**
**ધ્વજા અંકુશ અરૂ મીન સુદર્શન અષ્ટદલ અતિ સુખરૂપ**
**કમલ, કુંભ, યવશ્રી મહાપ્રભુજી કે વામ ચરણ મે અનુપ**

## શ્રી દક્ષિણ ચરણ "કમલ" પહેલું ચિન્હ

શ્રી મહાપ્રભુજીના દક્ષિણ ચરણમાં સૌથી પહેલું ચિહ્ન કમલનું છે. કમલ ભગવાન આદિનારાયણની નાભીમાંથી પ્રગટ થયેલ છે અને કમલમાંથી બ્રહ્મા પ્રગટ થયા છે. બ્રહ્માએ સૃષ્ટિ પ્રગટ કરી અને તેવી રીતે રસાત્મક આધિદૈવિક નિત્યલીલાધામ સંબંધી સૃષ્ટિ, પ્રિયા પ્રિયતમ, શ્રી યમુનાજી, શ્રી ગિરીરાજજી, કુંજ નિકુંજ, પશુ, પક્ષી વૃન્દાવન તથા કોટાન કોટિ વ્રજભક્તોના યુથ શ્રી મહાપ્રભુજીના ચરણ ચિન્હ કમલમાંથી પ્રગટ થયા છે. આવા

કમલમાં અનેક પરાગ છે તેવા આપશ્રીના કમલ ચિન્હમાં પણ અનંત પરાગ છે અને પ્રત્યેક પરાગમાંથી શૃંગાર કલ્પદ્રુમ પ્રગટ થાય છે. શ્રી મહાપ્રભુજીના ચરણ કમલનું ધ્યાન કરવાથી ભક્તનું હૃદય અત્યંત શુધ્ધ થઈ જાય છે અને ભક્તના હૃદયમાં શ્રી વલ્લભ બિરાજે છે અને ભક્તિરસ મકરંદ પ્રગટ કરે છે અને તેનું પાન કરવા શ્રી ઠાકોરજી ભક્તના હૃદયમાં આવી બિરાજે છે અને મધુર રસાત્મક ભાવના ઉત્તરોત્તર તરંગ રૂપ મનોરથ પ્રગટ કરે છે. આનો અનુભવ કરીને આગળ ઉપર ભક્ત અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે. જેના કારણે સર્વાત્મભાવની પ્રાપ્તિ થતાં જીવમાં દૈન્યતા પ્રાપ્ત થાય છે. ચરણકમલ હૃદયમાં બિરાજતા હોવાથી ભક્ત શ્રી મહાપ્રભુજીમાં તદ્રુપ થઈ જતાં ભક્ત શ્રી વલ્લભની સમાનતાને પ્રાપ્ત કરી લે છે. જેનાથી વ્યાપકત્વ ધર્મ પ્રગટ થાય

છે અને તેની રોમે રોમ રસાત્મક બ્રહ્માંડ રૂપ થઈ જાય છે. ત્રિવિધ તાપ નિવારણ કરી પુષ્ટિરસ આપવાનો સંયોગ કરે છે. આમ જે ભક્ત ચરણ ચિન્હ કમલના ગુણગાન મુખથી કરશે તેને શ્રી યમુનાજી પુષ્ટિફલ આપશે જેમાં ભક્તના હૃદયમાં પ્રીત ઉપજાવી દૈન્યરસનું દાન કરશે. માટે આ ચિન્હ હૃદયમાં ધારણ કરી લેવું જેનાથી સર્વાત્મભાવની સિધ્ધિ મળશ આગળ જતાં પુષ્ટિ રસનો અનુભવ થશે. શ્રી વલ્લભના ચરણ કમલનો આશ્રય કરવાથી દશે મર્મનું મુલ મળે છે. શ્રી વ્રજાગનાઓએ શ્રી વલ્લભચરણ કમલનો આશ્રય કર્યો તેના પરિણામે તેમને શ્રી ગોકુલના ભૂપ શ્રી ઠાકોરજી ફલરૂપે પ્રાપ્ત થયા હતા.

## શ્રી દક્ષિણ ચરણ બીજું ચિન્હ "વજ"

દૈવી જીવના સઘળા પાપાદિક એકાદશ ઈંદ્રિયોના દોષરૂપ કામને તથા વિપ્રયોગ દશામાં કામની પીડાનું દુ:ખ હોય તેને મૂળથી છેદી દુર કરવાનું સામર્થ્ય વજ ચિન્હમાં છે. ભક્તોની કામ વ્યાધિને દુર કરી શ્રી પ્રભુનો સંગમ કરાવી રસથી પૂર્ણ કરે છે. ભૂતલ સંબંધી ભક્તોના પ્રતિબંધ સમૂહ દૂર કરવામાં વજનું મુખ્ય કાર્ય છે. ભક્તોના ત્રિવિધ પ્રકારના અનિષ્ટોને દૂર કરી પ્રભુનો નિત્યસંબંધ કરાવી અખંડ રસાનુભવ કરાવવા શ્રી વલ્લભ પ્રભુએ ચરણકમલમાં વજ ચિન્હ ધારણ કર્યું છે.

ભક્તનું હૃદય વજ જેવું સખ્ત હોવાથી તેને કોમલ બનાવવાના હેતુથી શ્રી વલ્લભે પોતાના ચરણ કમલમાં વજનું ચિન્હ મૂક્યું છે. જેને કારણે ભક્ત તેને ધારણ કરતાં સખ્ત હૃદય નરમ થાય છે અને તેમાં ભાવનું

રક્ષણ હૃદયમાં સુરક્ષિત રહે છે. હૃદયમાં દૈન્યરૂપી ખાડો શ્રી વલ્લભ દ્વારા થતાં ભાવરસ ખૂબ જ વધીને જળવાઈ રહે છે. પરિણામે કલીયુગમાં વ્યાપેલા માયાવાદના સર્વે ધર્મોનું હરણ કરી ભાવને હૃદયમાં વજ્રની જેમ જડશે જેમાંથી લીલા પ્રગટ થશે અને ભક્તોના તનના ત્રિવિધ તાપોનું હરણ થઈ જાય છે. આવા શ્રી વલ્લભાધીશના ચરણ કમલ શ્રી ગિરીરાજ પર પડવાથી ગિરીરાજજી પણ આપોઆપ કોમલ થઈ ગયા... ભક્તોને સ્વતંત્રભક્તિનું દાન કરી દૃઢ વજ્ર જેવા સ્વરૂપનું રૂપ આપે છે.

## શ્રી દક્ષિણ ચરણ "ગદા" ત્રીજુ ચિન્હ

શરણે આવેલા ભક્તોની મતિ શ્રી મહાપ્રભુજીના ચરણ કમલમાં સ્થિર રહેવાથી તેની ક્યારેય અધોગતિ થતી નથી. આ ભાવને જણાવવા માટે શ્રી વલ્લભે પોતાના ચરણમાં ઉંચે ગદા ધારણ કરી છે તેમજ આ ગદા સમસ્ત શ્રી સ્વામિનીજીઓના હસ્તકમલનું આધિદૈવિક સ્વરૂપ છે.

ગદા ચિન્હનું ધ્યાન કરવાથી શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ આનંદનું દાન થાય છે તેમજ ભક્તોના દુષ્ટ સ્વભાવનું હરણ કરે છે. શ્રી વલ્લભના ચરણ જ્યાં જ્યાં પધારે ત્યાં સર્વેના દોષનું નિવારણ કરે છે અને ભક્તોના સકલ મનોરથોની સિદ્ધિ થાય છે. અસુરોનો નાશ કરી માયાવાદનો ચુરે ચુરો કરે છે. આમ શત્રુનો સંહાર ગદાથી થતાં દોષો ભક્તો પાસે આવી શકતા નથી. પુષ્ટિ ભક્તિમાં મોટો શત્રુ માયાદલ છે અને અહંકાર તેનાથી પણ અધિક છે તેનો ગદાના ચિન્હથી સંહાર કરે છે ત્યારે મનમાંથી તેનો અહંકાર જતાં પુષ્ટિમાં જીવની સ્થિતિ થાય છે. પાંચ પર્વ અવિધાઓનું અજ્ઞાન ખૂબ જ ભારે છે તેનો પણ હૃદયમાં ગદાનું ચિન્હ ધારણ કરનારને તે અજ્ઞાન દૂર કરી દેશે. આમ ગદા પુષ્ટિ ફલરૂપ હોવાથી તેનું સ્મરણ સુખેથી જે ગાશે તેના દોષો સર્વે નિવૃત્ત થતા ગદાનો પ્રભાવ જે હૃદયમાં ધરનારના સ્વભાવનો વિજય થાય છે.

## શ્રી દક્ષિણ ચરણ "પતાકા" ચોથુ ચિન્હ

પુષ્ટિમાર્ગમાં પતાકા મંગલરૂપ છે તેમજ પુષ્ટિ પૂજા સાહિત્યમાં તેની મુખ્યતા છે. શ્રી ગોવર્ધનની પુષ્ટિપૂજા થાય છે ત્યારે સૌ પ્રથમ પતાકાને શણગારવામાં આવે છે. પતાકાના દર્શન થતા તૂરત જ ભક્તોના હૃદયમાં આનંદની હેલી ચાલે છે અને તે ઉરમાં ન સમાય તેવું આલ્હાદક બને છે. પતાકાના દર્શન થતાની સાથે જ ભક્તને દૃઢ વિશ્વાસ બેસે છે કે હવે અવશ્ય પ્રભુ પધારશે જ. આનો ભાવ ખૂબ જ રસમય બનવાથી પ્રભુ પણ ભક્તની પાછળ પાછળ ફરે છે તેથી આ ચિન્હ હૃદયમાં ધારણ કરી તત્ સુખ પ્રાપ્તિ કરવી.

## શ્રી દક્ષિણ ચરણ "તોરણ" પાંચમુ ચિન્હ

આ તોરણ ઉદ્દીપન ભાવરૂપ છે. ઉત્સવો આવે ત્યારે મંદિર - નિકુંજમાં બાધ્યા જાય છે. જે ભક્તોને સૂચન કરે છે કે આજે ઉત્સવ છે. જે દેહ શુધ્ધિ

મોટાતીર્થોથી મળવી મુશ્કેલ છે તે આ ચરણ કમલમાં રહેલ તોરણ ચિન્હથી સહજતાથી પ્રાપ્ત થાય છે. વિરહ અવસ્થામાં આ ચરણ ચિન્હની ભાવના કરવાથી અન્ય ભાવરૂપી અશુદ્ધિને તુરત સુપર્ણતાથી નિવૃત્ત કરી શ્રી વલ્લભપ્રભુજી શ્રી સ્વામિનીજી સ્વરૂપે અગર ભગવદ્ સ્વરૂપે ભાવાત્મક પ્રાગટ્ય થતાં પોતાનો સ્વરૂપ આનંદ દાન કરે છે. આવી તોરણ ચિન્હની ભાવના સૂચક છે. અનન્ય પતિભાવ ભક્તોને જ આ દુર્લભાંઘ્રિ સરોરૂહ સેવન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. સ્વરૂપ આશક્તિની દૃઢતા માટે આ ચરણ કમલ ચિન્હ હ્દયમાં ધારણ કરવા સમાન છે. સ્વરૂપ આશક્તિ વધે ત્યારે જ પુષ્ટિપ્રભુનો નિરવધિ આનંદ આપણા અનુભવમાં આવી શકે.

## શ્રી દક્ષિણ ચરણ "સુખદવલ્લી" છઠ્ઠું ચિન્હ

સુખદ વલ્લી સર્વોત્તમ સ્તોત્રના નામ "પ્રતિક્ષણ

નિકુંજસ્થ લીલા રસ સુપૂરિત" નામના ભાવરૂપ નૌતન લીલારસથી ભરેલી અનેક લીલા સ્વરૂપથી ફુલી ફાલેલી આ સુખદવલ્લી છે. જે શ્રી વલ્લભાધીશના સંગમનું મહાસુખ સમાન છે. આ સુખદવલ્લી અન્તરંગત જે રસાનુભવ છે તે કેવલ નિવેદિત રસિક ભક્તો જ કરી શકે છે. બીજાઓના ભાગ્યમાં નથી. શ્રી વલ્લભ આશ્રિત કૃષ્ણભક્તોને જેના પર શ્રી વલ્લભ કૃપા કરે તેઓને જ જાણી શકવા યોગ્ય છે. આપશ્રીની જેની ઉપર કૃપા છે તેને જ તાપભાવનું દાન કરી રસ લીલા યોગ્ય દેહ પ્રાણ ઈન્દ્રિય અંતઃકરણમાં સર્વાત્મભાવ સિધ્ધ કરાવી લીલામાં પ્રવેશ કરાવે છે. અનંત યુગલોના રમણ વિહાર રસથી પુરિત સુખદવલ્લી છે તેથી અનિર્વચનીય છે અને અષ્ટસિદ્ધિ દાતા છે.

આ ચિન્હ ધારણ કરવાથી લીલાધામથી પતન થવા દેતું નથી. કેમકે શ્રી વલ્લભ ચરણ કમલમાં જીવની બુદ્ધિ હોય તેમની ક્યારેય અધોગતિ થતી નથી તેમજ આ

ચિન્હ ધારણ કરનારને સ્વતંત્રપુષ્ટિ ભક્તિમાં પ્રવેશ કરાવે છે અને વ્રજની લીલાઓનું અમૃત રસ છે તે ઉર્ધ્વરેખામાં સોહાયેલું છે જે કાલકર્મનું બંધન છોડાવનાર છે અને મનના સર્વે મનોરથ સિદ્ધ કરાવનાર છે.

## શ્રી દક્ષિણ ચરણ સાતમુ ચિન્હ "ધનુષ"

આ ચિન્હ ધારણ કરનાર ભક્ત કાલ માયાથી નિર્ભય થાય છે. તેમજ સ્વરૂપાનંદનું દાન થતા સકલ મનોરથની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વિના પ્રયત્ને શ્રી ઠાકોરજી હૃદયમાં પધારે છે અને વિવિધ તાપની નિવૃત્તિ કરે છે. ભક્તોના દ્વેષીઓને પ્રભુ જતાવી દેતા હોવાથી ભૂલથી પણ તેઓ પોતાના ભક્ત પર દ્વેષભાવ કરતા નથી. શ્રી મહાપ્રભુજીના ચરણ કમલ આધિદૈવિક ભૂમિરૂપ, લીલાધામરૂપ છે તેથી ભક્ત તેમના ચરણ કમલનો આશ્રય કરે તેને લીલાધામનો આશ્રય સિદ્ધ થઈ લીલાધામમાં જ નિવાસ થાય છે તેથી શ્રી વલ્લભના

ચરણ કમલનો આશ્રય પરમ પુરૂષાર્થ રૂપ જાણવો. જેવી રીતે ધનુષ શત્રુનો સંહાર કરાવવાવાળો છે તેવી રીતે ભગવદ્‌ભાવ અતિરિક્ત આસુરભાવનો નાશ કરીને સર્વાત્મભાવ સિદ્ધ કરે છે અને સર્વાત્મભાવ સિદ્ધ થવાથી લીલાધામમાં પ્રવેશ થાય છે.

## શ્રી વામ ચરણ આઠમું ચિન્હ "ધ્વજ"

આ ચિન્હ પ્રભુ શ્રી વલ્લભાધીશના ચરણ કમલમાં વિરાજી લીલાધામસ્થ તથા ભૂતલસ્થ પરિકરને નિર્ભયતાનું દાન કરે છે અને તેઓને મહારસની પ્રાપ્તિમાં કોઈ અંતરાય આવતો નથી. પ્રભુના વિયોગરૂપી દુ:ખને શ્રી વલ્લભના ચરણ ચિન્હ ધ્વજના આશ્રયથી દૂર કરે છે. ભક્તોના આધિદૈવિક પ્રતિબંધ દૂર કરવામાં તેનો વિનિયોગ હોવાથી ભક્તોને તત્સુખી પ્રેમ રસનું દાન કરી પ્રભુનો સંગમ કરાવીને નિર્ભય કરે છે. મંગલ કાર્ય, જન્મ ઉત્સવ, પૂજા તેમજ મંદિરમાં શિખરે ધ્વજાનું સ્થાન રહેવાથી શ્રી ઠાકોરજીએ પણ ગોપીજનોના પ્રેમરૂપ ધ્વજને

પોતાના શ્રીમસ્તક પર મંદિર શિખર પર સ્થાન આપેલ હોવાથી તે ભાવને કારણે ભક્તના હૃદયમાં પ્રેમ પ્રગટ થતાં તેમના હૃદયનો તાપ હરી તેના સકલ કાર્ય સિદ્ધ ધ્વજાના આશ્રયે કરીને થશે તેથી ચરણસ્થ ધ્વજાનું ચિન્હ હૃદયમાં ધારણ કરવું.

## શ્રી વામ ચરણ નવમું ચિન્હ "અંકુશ"

અંકુશ ચિન્હ નિરોધની સિદ્ધિ માટે છે. પુષ્ટિ ભક્તિ માર્ગમાં એકાદશ ઈન્દ્રીઓનો નિરોધ પ્રભુના સ્વરૂપમાં થાય તે ફલ છે. તેથી ભક્તના મનરૂપી મદોન્મત નિરંકુશ હાથીને વશ કરી નિરોધનું દાન કરવા માટે અંકુશનું ચિન્હ શ્રી વલ્લભાધીશે વામ ચરણમાં ધારણ કર્યું છે. આને કારણે પંચ પર્વા અવિદ્યા દૂર કરી મન જીતી લઈ દીનતા (દૈન્ય) અને દાસ્યભાવનું દાન કરાવે છે. દીનતા અને દાસ્ય ભાવશ્રી વલ્લભ ચરણ કમલમાં જ નિવાસ કરતા હોઈ અંકુશ ચિન્હના આશ્રયદાતાને તુરત જ દાન થાય છે અને ભક્તોના સર્વ મનોરથોની

સિધ્ધિ સ્વયં શ્રી મહાપ્રભુજી કરે છે અને શ્રી મુખ વિયોગાગ્નિ રૂપ મહાફળનું દાન કરે છે અને આપશ્રીની મૂળલીલામાં પ્રવેશ કરાવે છે.

## શ્રી વામ ચરણ દશમું ચિન્હ "મીન"

મીન અત્યંત ચંચલ છે. તે જેવી રીતે પાણીમાં રહે છે તેવી રીતે શ્રી ગોવર્ધનધર સકલ વજમાં નેત્ર કટાક્ષના બલથી બધી જ વ્રજાગનાઓને મોહી લીધી તેથી શ્રી ગોવર્ધન નાથજીના નેત્રરૂપી મીનને જીતીને શ્રી મહાપ્રભુજી આ મીનને પોતાના ચરણકમલમાં ધારણ કરી લીધી હોઈ તેના આશ્રયથી શ્રીજીને આનંદ છે તેથી આ મીન ચિન્હના આશ્રયથી ભક્તોને સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. જેવી રીતે મીન ચંચલ છે તેવી રીતે મન પણ ચંચલ છે તેથી ચારેકોરથી સકર્ષણ કરી સ્વરૂપ ધ્યાન કરવાથી સ્થિર રહે તેથી ભક્તજન મનની ચંચલતા છોડીને ચરણ કમલનું ધ્યાન કરે જેમાં જયાં પ્રેમ છે ત્યાં મીન રહે છે અને આપશ્રીના

યુગલ ચરણ કમલમાં જે નિરવધિ રસ છે તેનો અનુભવ કરવા માટે મનની સ્થિરતા યુગલ ચરણ કમલના આશ્રયથી થાય. શુદ્ધ પ્રેમ વિનાના હૃદયમાં આપના ચરણ કમલ સ્થિર રહે નહીં કારણ કે કમલ છે તે જલમાં જ પ્રગટ થાય છે તેથી જે ભક્તનું હૃદય સરોવર પ્રેમ જલથી ભરેલ હોય તેમાં જ શ્રી વલ્લભાધીશના ચરણ કમલ પ્રગટ થાય છે. આ પ્રકારનું બોધ વિશેષ કરીને મીન ચિન્હ કરે છે. તેથી પુષ્ટિમાર્ગમાં જે જીવ શરણે છે તેને આ ચરણ ચિન્હ મીન હૃદયમાં ધારણ કરવું જોઈએ. ચરણનો સંબંધ જલ સાથે થતાં જલ ચરણામૃત બને છે જે સુધાનું પાન કરાવનાર બને છે તે આનંદ રસથી ભરેલું હોવાથી સર્વે ભક્તો તેનો ભોગ કરે છે તેથી જ ભક્તજનોના મન આ ચરણે જાય છે છતાં અમૃત પાન પીતા કદી તૃપ્ત થતા જ નથી જેવી રીતે મીન પાણી વિના તરફડે છે અને પાણીનો આશ્રય હંમેશા શોધે છે.

**શ્રી વામ ચરણ અગિયારમુ ચિન્હ "સુદર્શન ચક્ર"**

આમ જોઈએ તો સુદર્શન ચક્રજી શ્રીજીના મંદિરમાં ધ્વજાની પાસે બિરાજે છે તે જ ચક્ર અહીં શ્રી વલ્લભ પ્રભુના ચરણ કમલમાં બિરાજે છે. જેથી શ્રીજીને આ ચરણથી નિત્ય સંબંધ છે. આ રીતે સુદર્શનજીનું ધ્યાન એક ચિત્તે ધારણ કરે તો ભગવદીય પણું પ્રાપ્ત થાય. શ્રી સુદર્શનજી શ્રી સ્વામિનીજીના કંકણ રૂપ હોવાથી શ્રી ગોવર્ધનધર પ્રભુ શ્રી હસ્તમાં રાખે છે. ધર્મ રક્ષાર્થ ચક્ર હોવાથી હંમેશા હાથમાં ધારણ કરેલ છે જેના કારણે બધા જ દેવો, ઈન્દ્ર, બ્રહ્મા, મહાદેવ વિગેરે ભય પામી આજ્ઞા અનુસાર રાત દિવસ સમગ્ર સૃષ્ટિ કાર્યોમાં સ્વ સ્વ ધર્માનુસાર દેવત્વ સેવી રહ્યા છે અને તેવી જ રીતે શ્રી વલ્લભ પોતાના ચરણોમાં ચક્ર રાખતા શ્રીજી તથા શ્રી સ્વામિનીજી તથા લીલા પરીકર સર્વેને પોતાના વશમાં રાખે છે તેમજ શ્રી વલ્લભ સંબંધ વિના કોઈ વિહાર ચાલતો જ નથી અને શ્રી પ્યારીજીને માન દૂર કરવા

સમયે શ્રી ઠાકોરજી પણ આ ચક્રને આદર આપે છે તેથી પ્યારીજીનું મન ફરે છે તેઓ તુરત જ માનને છોડીને પ્રભુને મળી પરમ નૂતન પ્રિત પ્રગટ કરે છે તેથી આનો આશ્રય કરે તો ભગવદ્ભાવ ઉત્પન્ન થાય અને સેવામાં મન લાગે છે. ભક્તની ચારે દિશામાંથી રક્ષા કરે છે અને દુષ્ટનો નાશ કરે છે. સુદર્શનજીનું કાર્ય આધિદૈવિક સ્વરૂપથી લીલાધામમાં સંયોગમાંથી વિયોગ અનુભવમાં મનને ફેરવવું અને માનસિક ભાવને ફેરવીને સંયોગાનુભવ કરાવવો તેમજ વિયોગ દશામાં રક્ષણ કરવું તેથી જ સુદર્શન ચક્ર મહાપ્રભુજી પોતાના ચરણ કમલમાં ધરી ભક્તના સકલ વિરહ દુઃખ દૂર કરી સુખદાન કરે છે તેથી શ્રી વલ્લભના ચરણ કમલનો આશ્રય કરી જે જીવ સેવા સ્મરણથી તેમની સન્મુખતામાં તત્પર રહેશે તેમને કોઈ પણ પ્રકારની ચિંતા રહેશે નહીં.

## શ્રી વામ ચરણ બારમુ ચિન્હ "અષ્ટદલ"

પુષ્ટિમાર્ગીય અષ્ટવિધ ઐશ્વર્યની પ્રાપ્તિમાં બીજા કોઈ

સાધનની અપેક્ષા રહેતી નથી. ફક્ત શ્રી વલ્લભાધીશના ચરણ કમલમાં ધારણ કરેલ અષ્ટદલ ચિન્હના ચિન્તવનથી તથા આપના યશોગાનથી અષ્ટવિધ ઐશ્વર્યની પ્રાપ્તિ થઈ જાય છે અથવા અષ્ટવિધ ઐશ્વર્ય સહિત શ્રી વલ્લભ પ્રભુ જીવોને વશ થઈને રહે છે. આપશ્રીના ચરણ કમલમાં ધારણ કરેલ અષ્ટદલના ચિન્હનું આધિદૈવિક સ્વરૂપ રસાત્મક અષ્ટવિધ ઐશ્વર્યનું છે જે શ્રી યમુનાજીને તેમના પિતા શ્રી વલ્લભભાનુએ દાન કર્યું છે તે અષ્ટવિધ ઐશ્વર્ય રસાત્મક અષ્ટ સિદ્ધિરૂપ છે જેનું નિરૂપણ યમુનાષ્ટકમાં શ્રી મહાપ્રભુજીએ કરે છે કે (૧) સાક્ષાત સેવા ઉપયોગી દેહનું દાન (૨) રસાત્મક ધામની દિવ્ય લીલા અવલોકનનું દાન (૩) તેના રસાનુભવનું દાન (૪) સર્વાત્મભાવનું દાન (જે દાન અદેય છે જેમાં રસાત્મક વિલાસની પરમ અવધિ છે). (૫) ભગવાન પૂર્ણ પુરૂષોત્તમને વશ કરે તેવા નિર્ગુણ પ્રેમનું દાન

(૬) પ્રભુને પ્રિય થવું તથા પ્રભુની પ્રત્યેક ક્ષણે પ્રકટ થવાવાળી ગૂઢ-રસાનુભવની ઈચ્છાને સમજી શકે તેવી સર્વજ્ઞતાનું દાન (૭) સ્વામિના અનન્ય લીલા પરિકરમાં ભક્તિનું દાન કરી શકે તેવા સામર્થ્યનું દાન (૮) ભગવાન રમણ પ્રેષ્ઠની રમણ ઈચ્છાને પોષણ કરી શકે તેવા સામર્થ્યનું દાન. આવા આઠ પ્રકારના દાન શ્રી વલ્લભ ચરણસ્થ અષ્ટદલના ચિન્તન માત્રથી થાય છે તે ક્ષણ માત્રમાં પોતાના અંગીકૃત સ્વકીયોને કરૂણા કરવામાં સમર્થ છે. અષ્ટદલનો ભાવ અષ્ટકોણ પ્રમાણે અષ્ટ પ્રહર સેવા કહી છે. જે કરતાં ભક્તને વિપ્રયોગ અને સંયોગ ઉભય રીતે મનમાં પ્રાપ્ત થાય છે જેમાં ચાર પ્રહર સંયોગ સ્વરૂપબહાર પ્રકટ સેવા મળે છે અને અવસરમાં વિપ્રયોગમાં સ્થિત થઈ સ્મરણમાં ચિત્તને વારે છે. આમ, આ આઠ રસાત્મક લીલાના ભાવોનું જે ધ્યાન કરે અને મોઢેથી ગાય છે તેના હૃદયમાં અષ્ટ સિધ્ધી બિરાજી તેના માથા ઉપર ચરણ રેણું હંમેશા ગાજે છે.

## શ્રી વામ ચરણ તેરમુ ચિન્હ "કમલ"

આ કમલ ચિન્હ શ્રી સ્વામિની ભાવાત્મક છે તેથી તે કમલ સર્વના આધારરૂપ છે. સ્વામિની ભાવાત્મક સ્વરૂપથી બધાના આધાર (આલંબન) રૂપથી લીલા પરિકર સમસ્તમાં વ્યાપક છે તેવા ચરણમાં કમલનું ચિન્હ ધારણ કરી મહાપ્રભુજી પુષ્ટિજનોને જણાવી રહ્યા છે કે -

"વ્યાપી રહ્યો સબ જનન મેં જ્યોં લો દમલા અંશ
ત્યાં લો શ્રી મહાપ્રભુ ન કો દાન દેત નિજવંશ"

ઉપર કહ્યા પ્રમાણે કમલનું ચિન્હ મૂળ સ્વામિની ભાવાત્મક છે અને પ્રભુની જેમ બધાની આત્મારૂપ છે તેથી સર્વાત્મા તરીકે ઓળખાય છે. તેવી રીતે મુળ સ્વામિનીજી જ સર્વની આત્મારૂપથી સર્વાત્મક બધી જ લીલા પરિકરમાં બિરાજે છે. જેની શ્રી વલ્લભ ચરણ કમલમાં રતિ છે તેને જ કૃષ્ણાધરા મૃતાસ્વાદ પ્રાપ્ત થાય છે. જ્યારે અન્યને શ્રી ઠાકોરજી સ્વયં જ આ

કમલ ચિન્હ ધારણનો હેતુ જણાવે છે કે 'મારી ગતિ જ એક કૃષ્ણાધરા મૃતા સ્વાદમાં જ છે તેથી તો કહ્યું છે કે રાધા અધર સુધા વિના, પિયુને બીજુ તે કંઈ નવ ભાવેજી' અને ઠાકોરજીના હસ્તકમલ, ચરણકમલ, નેત્રકમલ, મુખકમલ, હૃદયકમલ, નાભી કમલના આશ્રય વિના આપશ્રી ઠાકોરજી સ્વયં સ્વરૂપાનંદનું દાન કરતા નથી. શ્રી વલ્લભ પ્રભુના સ્વામીની ભાવાંશથી જ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. કમલ શીતલ હોવાથી શ્રીજીના વિરહ તાપનું હરણ કરે છે. પ્રિયા પ્રિયતમનો સ્ફૂરેલ સર્વ પ્રેમામૃતરૂપી રસ શ્રી મહાપ્રભુજીના ચરણ કમલ ચિન્હમાં રહેલ છે. તેથી જે કોઈ આનું ચિંત્વન કરે તેને શ્રી વલ્લભની કૃપાથી કૃષ્ણપ્રેમામૃત રસની પ્રાપ્તિ અવશ્ય થાય છે જ. તેમજ વિરહાત્મક રસથી પણ પૂર્ણ હોવાથી વિરહનું દાન પણ આચરણ કમલની ભાવના સતત કરવાથી ભક્તને થાય છે. પુષ્ટિ સૃષ્ટિનો સમગ્ર ભયનું હરણ આ

ચિન્હથી થાય છે. શ્રી મહાપ્રભુજીના દક્ષિણ ચરણનું કમલ ચિન્હ સંયોગરસનું અનુમાન કરાવે છે જ્યારે વામ ચરણનું કમલ ચિન્હ વિપ્રયોગ રસનું દાન કરે છે. આમ બંને મળીને શ્રૃંગાર રસ પૂર્ણતાનું દાન કરે છે. ત્રિવિધ તાપોનું હરણ કરી ભક્તોના મનોરથો પૂર્ણ કરે છે.

## શ્રી વામ ચરણ ચૌદમુ ચિન્હ "કુંભ"

આ પીયૂષ (અમૃત) કુંભ છે. અહીં સરસતાની સિદ્ધિ છે. નીરસજનોને આ કુંભગત પીયૂષ પાન દુર્લભ છે, એના ધ્યાનકર્તાને અમંગલની સંભાવના નથી. આ આપશ્રીના ચરણ કમલને તથા ચિન્હગત ભાવને આપ સ્વયં કૃપા કરી દાન કરે ત્યારે કુંભગત પીયૂષ પ્રાપ્ત થાય છે. તેથી જેના અર્થે આપશ્રી ભૂતલ પર પ્રગટ થયા છે તેવા વિરહી રસિક દૈવી જીવોના વગર અન્ય માટે કુંભગત પીયૂષ દુર્લભ જાણવો. કારણ સ્વતઃ સિદ્ધ થયેલ પીયૂષ આ કુંભમાં છે તેથી અન્ય જીવનો

આપના ચરણ કમલની નિકટતાનો પણ સંભવ નથી તો પિયુષ પાન કેવી રીતે થાય. નિજજનોને તો વચનામૃતથી પૂરિત કરે છે તેમ કહીને સુધાદાન કરે છે. જેને અધરામૃતનું પાન કરાવવું છે તેને જ પોતાની નિગુઢતમ વાણીના અર્થની સ્ફૂરણા થાય છે જ્યારે અન્યને તો સાંભળ્યા છતાં અર્થની પ્રાપ્તિ ન કરી શકે. શ્રી વલ્લભે શ્રી ભાગવત્‌નું મંથન કર્યું તેમાંથી જે પીયૂષ નીકળ્યું તે પીયૂષનું સ્વતઃ સિધ્ધ સ્વરૂપ આ કુંભગત પીયૂષ છે તે શ્રી મહાપ્રભુજીના ચરણ કમલ ચિન્હ કુંભનું ધ્યાન કરવાથી પ્રાપ્ત થાય છે.

શ્રી વલ્લભ વિરહાનલના ચરણ કમલના મુલ સુધી તો તે જ ભક્તો પહોંચી શકે છે કે જે જનો વલ્લભ વિરહાગ્નિની કુંજમાંથી બીછર્યા છે અને આપના સ્વરૂપ માધુરીના સ્વાદને જે લોકોએ પહેલાં અનુભવેલ છે તેજ જન ત્યાં આપના મુળ સુધા સ્વરૂપના ચરણ મુલમાં પહોંચી શકે છે. તેઓને કરૂણાસાગર શ્રી વલ્લભ

સંયોગ દળોના લીલા સાગરોમાં અટકવા દેતા નથી. પોતાના સ્વરૂપાનંદમાં અખંડ રસાનુભવ કરાવે છે. આમ શ્રી વલ્લભે જે દૈવીજીવોને શરણે લીધા તેમને પોતાના ચરણ કમલ સેવ્ય કરી આપ્યા તેઓને નવદ્યા ભક્તિનું દાન આપી પ્રેમલક્ષણા ભક્તિને તેઓ પ્રાપ્ત થાય છે. કુંભની અંદર મહારસ પીયૂષ ભરીને પાન કરાવી, કુંભનો દ્રઢ આશ્રય કરાવી જીવોના અંગે અંગને પુષ્ટિ રસમયમાં તરબોળ કરી ભક્તો ઉપર શ્રી વલ્લભે કૃપા જ કરી છે.

## શ્રી વામ ચરણ પંદરમુ ચિન્હ "યવ"

ત્રિતિયાત્મક સ્વરૂપ શ્રી વલ્લભે પોતાનુ અતિશય કિર્તિમાન પણુ પ્રસિદ્ધ કરવા માટે યવ ચિન્હને ચરણ કમલમાં ધારણ કર્યું છે. નવરાત્રિમાં નવ પ્રકારના સાધનો ભક્ત નવદિવસ સુધી (નવ વિલાસ) કરી પોતાના ભાવની સામગ્રી શ્રુંગાર અંગીકાર કરાવી દશેરાના દિવસે ૧૦ જવારા શ્રી ઠાકોરજીના શ્રીમસ્તક

પર ધરાવી એમ જતાવે છે કે જે શ્રી સ્વામિનીજી તથા શ્રી મહાપ્રભુજીના ચરણમાં યવ ચિન્હ છે તેના ભાવથી ધરાવાય છે તેમાં એવો ભાવ છે કે દશ પ્રકારની ભક્તિ ચરણમાંથી પ્રગટ થઈ છે. શ્રી મહાપ્રભુજીના ચરણમાં દશ આંગળી છે તે ભાવથી શ્રી ઠાકોરજીના શ્રી મસ્તક પર ધરી દશે પ્રકારની ભક્તિ નિકુંજ સંબંધી પુષ્ટિરસ રૂપ આપી તેથી પ્રભુ પ્રસન્ન થઈને જવારા ધરેલા શ્રી મસ્તક પર ધારણ કરે છે. યવ બધા જ અન્નનો આધિદૈવિક સ્વરૂપ છે જેમ ભૌતિક અન્નથી ભૌતિક દેહનો નિર્વાહ થાય છે તેમ લીલાધામમાં આધિદૈવિક સૃષ્ટિના આધિદૈવિક દેહનો નિર્વાહ પ્રેમબીજ થાય છે. આ પ્રેમ ભક્તિરૂપી અલૌકિક ધાનનો રાજા યવ છે. આ યવ ચિન્હમાંથી પ્રેમ પ્રગટ થાય છે અને આમ કરીને બધાનો લીલાધામમાં નિર્વાહ થાય છે. સર્વાત્મભાવવાળા ભક્તોને પ્રાણ સ્મર આશા વિગેરે બધું જ આત્મારૂપ પ્રભુથી પ્રાપ્ત થાય છે તેથી પ્રેમરૂપી

અમૃતથી અજર અમર દેહ અલૌકિક લીલા ધામસ્થ પરિકરનો બને છે તેમ જાણવું તેથી શ્રી વલ્લભ પ્રભુની કિર્તીનો લીલાધામમાં પણ પ્રકાશ કરી રહી છે. પુરો લીલા પરિકર સુધા (પ્રેમ) સ્વરૂપ શ્રી વલ્લભનું જ યશોગાન કરે છે. યજ્ઞમાં યવનો જ હોમ થાય છે તેનાથી સત્વગુણ ઉદય થાય છે. મન શુદ્ધ થઈ જાય છે અને સ્વતંત્ર ભક્તિ-પ્રેમ લક્ષણા (નિર્ગુણ) પ્રાપ્ત થાય છે. આ જણાવવા માટે શ્રી વલ્લભ સફેદ ધોતી ઉપરણા પોતાના શ્રીઅંગ પર ધરે છે.

આમ શ્રી વલ્લભના ચરણ કમલમાં યવનું જે ચિન્હ મહાકિર્તીમાન છે તે જાણે તેના હૃદયમાં લીલા-પરિકર સહિત પ્રભુ પધારે છે. કૃપા કરી ભક્તિનું દાન કરે છે જે દશ પ્રકારની ભક્તિ તરીકે ઓળખાય છે. પરિણામે જીવ નિકુંજના દ્વારે પહોંચી શકે છે. ક્ષય ન થાય તેવો અલૌકિક અમૃત રસ સદાય પીવે છે. આમ, પ્રભુ વશ કરવાનું આ ચરણ કમલ યવ સિવાય બીજું કોઈ જ સાધન નથી.

# પુષ્ટિમાર્ગનું રહસ્ય

શ્રી વલ્લભાધીશે ભૂતલ પર પ્રગટ થઈ દૈવી જીવોનું ઉધ્ધારનું કાર્ય કરવા સંબંધે જીવોને શરણે લીધા પછી પણ ચિંતા કરી કે "જીવા: સ્વભાવતો દુષ્ટા:" જીવ સ્વભાવથી જ ભૂલકણો છે. બ્રહ્મસંબંધ મંત્રથી નવો જન્મ પ્રાપ્ત કર્યા પછી પણ તે ભૂલી જ જવાનો કે હવે હું વલ્લભાધીશનો સેવક થયો, હવેથી મારાથી અપરાધો ન થાય તેની કાળજી લેવી જોઈએ. તેના બદલે એક એક ક્ષણમાં કોટાનકોટિ અપરાધો કરી રહ્યો છે વળી શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામીજીની આવા નાના મોટા અપરાધ ને જોવા માટે તેમજ ગણત્રીમાં લેવા માટે ટેવાયેલા હોવાથી તે જીવોનો ઉધ્ધાર કેવી રીતે થશે તે ચિંતાથી વ્યાપ્ત શ્રી વલ્લભાધીશ ગોકુલઘાટ પર દમલાજી સાથે બિરાજી રહ્યા હતા. શ્રી ઠાકોરજીને શ્રી વલ્લભાધીશની ચિંતા વાળી મુદ્રા સહન ન થતાં પોતે સાક્ષાત્ તે સ્થળે પ્રગટ

થઈ તેમને પૂછયું કે "વલ્લભ તું ચિંતા શાની કરે છે ? શ્રી વલ્લભાધીશે પોતાના મુખથી જણાવ્યું કે "જીવો દોષોથી ભરેલા ક્ષણ ક્ષણમાં કોટિ અપરાધ કરતા આવ્યા છે અને કરશે જ. તો ઉદ્ધાર પામ્યા પછી પણ આ અપરાધો કરવાના અને આપશ્રી તથા સ્વામીનીજી તેને નિહાળી પાછા ભૂતલ પર તે જીવોને મોકલશો તો આનો પાર આવી જ ન શકે." આ સાંભળતા જ શ્રી નિકુંજ નાયકે વચન આપ્યું કે "તું ચિંતા ના કરીશ. એક વાર જીવને આ બ્રહ્મસંબંધ મંત્ર સાથે જેનો પણ અંગીકાર કરશો તેને પછી કદાપિ ત્યાગ નહીં કરૂં." આ વચન સાંભળતા જ શ્રી વલ્લભાધીશ પ્રસન્ન થઈ જીવોના ઉધ્ધારનું કાર્ય શરૂ કર્યું. સૌથી પહેલું બ્રહ્મસંબંધ શ્રી દમલાજીને આપ્યું અને વચનામૃત કર્યાં કે આ માર્ગ તારા જેવા તત્સુખી ભાવવાળા દેવીજનોના ઉધ્ધાર માટે જ પ્રગટ કર્યો છે. ત્યારથી શ્રી વલ્લભાધીશે જીવોને શરણે લીધા અને ત્યારબાદ શ્રી ગુંસાઈજી તથા તેમના વંશજો જે વલ્લભકુલ પરિવાર

તરીકે ૧૫ થી ૧૬મી પેઢીએ છે જે તેઓ જ આપી શકે તે સિવાય ભાગવત કથાકાર, શાસ્ત્રીજી, મુખીયાજી, વૈષ્ણવોને આવા બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા વલ્લભે આપી જ નથી. પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના કુલ વંશજ ને દાન કરેલ હોવાથી તેમના સિવાય **અન્ય બ્રાહ્મણો, કુંભારો કે પંડીતો ગમે તેવો દાવો કરતા હોય તે ટકી શકે તેમ નથી અને આવા બીન અધિકારીના બ્રહ્મ સંબંધ લેનાર પાખંડી બને છે.** પ્રભુ સાથેનો સંબંધ થવાને બદલે દુષ્ટાચાર કરતો છતાં તેની દુર્ગતિ ખૂદ પ્રભુ પણ નિવારી શકતા નથી. તેથી સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને નિવેદન કરૂં છું કે પુષ્ટિફલ પ્રાપ્તની આશા કરનાર જીવોએ શ્રી વલ્લભકુલ આચાર્ય બાળકો પાસેથી જ બ્રહ્મસંબંધ લે અન્યથા તે ભ્રમસંબંધ જ કહેવાશે. જેથી માત્ર તેઓને ભ્રમિત કરેલા જ કહેવાશે. આ અંગે મારા નિવેદનો માસિકોમાં આવે જ છે. **જે ધંધાદારી માસિકો છે તે ધર્મના રક્ષણ માટે**

**અપાતા મારા નિવેદનોને છાપતા નથી અને વૈષ્ણવોના પાસેથી કોઈપણ રીતે ૧૦૦ રૂા.થી માંડી લાખો રૂપિયા જુદા જુદા સ્કીમ હેઠળ ઉઘરાવી લે છે. અને જે તે કાર્યોમાં ન વપરાતા હિસાબ માગીએ તો પણ આપતા નથી. આગળ ઉપર આનો સામુહિક વિરોધ દરેક વૈષ્ણવ કરે તેવા પગલાં લઈ શકીશું.**

શ્રી વલ્લભાધીશે જીવોના ઉધ્ધાર કરવા પુષ્ટીરીતિથી સામે ચાલીને જીવ ખોળ્યા, શરણે લીધા અને ઉધ્ધાર કર્યો છે. આ હેતુ માટે તેમણે નાના નાના ગ્રંથો ઉપદેશ આપવાના હેતુથી રચ્યા જે ષોડશ ગ્રંથો તરીકે ઓળખાય છે. શ્રીમદ્ ભાગવતના નિગૂઢ અર્થો તારવી શ્રીમતી સુબોધીનીજીમાં સ્થાપિત કર્યા અને પારાયણો કરી સૃષ્ટિને સમજાવ્યા. અને પ્રભુની ત્રણ ભગવદ્ આજ્ઞાઓ થતા પોતે સંન્યાસ ગ્રહણ કરી ૪૦ દિવસ અનશન કરી આસુર વ્યામોહ લીલા કરી. તે પહેલાં પોતાના બંને સુપુત્ર શ્રી ગોપીનાથજી શ્રી ગુંસાઈજી

તેમજ તેમના નિજ સેવકો સમક્ષ શિક્ષા શ્લોકની આજ્ઞા મૌન વ્રત ધારણ કરેલ હોવાથી રેતીમાં લખી સમજાવી હતી. વધુમાં કલીયુગના જીવોને સહજતાથી પ્રભુ પ્રાપ્ત થઈ જાય તે માટે નામસ્મરણનું પ્રબળ સામર્થ્ય છે તેવા સર્વોત્તમ સ્તોત્રના એકસો આઠ નામરૂપી મંત્રો શ્રી ગુંસાઈજીને દર્શન કરાવી આજ્ઞા કરી કે આ અલૌકિક નામો જે દૈવી જીવ શ્રધ્ધાથી વિશુદ્ધ બુદ્ધિથી રાત દિવસ જપશે તેને અલૌકિક દેહ પ્રાપ્ત કરવા જરૂરી કૃષ્ણનું અધરામૃત તથા ચરણકમલનું ચરણામૃત પ્રાપ્ત થશે. આથી શ્રી ગુંસાઈજીએ પહેલા છ શ્લોક માહાત્મ્યના તથા છેલ્લા બે શ્લોક ફલશ્રુતિના એમ રચી ઝાંપીજીમાં જેમ સ્વરૂપ પધરાવીએ તેવી જ રીતે સંપૂટમાં એકસો આઠ નામો શ્રી વલ્લભાધીશના નિધીરૂપ લીલાત્મક સ્વરૂપાત્મક, ભાવાત્મક તાપાત્મક હોવાથી ફલાત્મક બની જીવોને સહજતાથી પુષ્ટિફલ એટલે કે લીલા ઉપયોગી દેહ પ્રાપ્ત થાય તેના પ્રયત્નરૂપે સર્વોત્તમ સ્તોત્રમાં ભરી દીધા છે. ત્યારબાદ તેમના

રૂપો અને ગુણો માટે અલગથી શ્રી વલ્લભાષ્ટક તેમજ સ્ફૂરત કૃષ્ણપ્રેમામૃત (સપ્તશ્લોકી) ની રચના કરી શ્રી વલ્લભાધીશના રૂપ તથા ગુણ બંનેને સાથે જોડી શ્રી મહાપ્રભુજીના પૂર્ણ સ્વરૂપ હૃદયમાં ધારણ કરવા માટે નામ, રૂપ અને ગુણ અત્યંત જરૂરી હોવાથી શ્રી સર્વોત્તમ સ્તોત્ર શ્રી વલ્લભાષ્ટક અને સપ્તશ્લોકી પુષ્ટિ જીવોએ નિત્ય કરવા જોઈએ. જે આ પૂસ્તિકામાં શુદ્ધ રીતે છાપવા પ્રયત્ન કર્યો છે. છતાં કોઈ ક્ષતિ રહી હોય તો નિવેદકને ક્ષમા કરશો.

– બસ એ જ નંદકુમારભાઈના ભગવદ્ સ્મરણ

# શ્રી મહાપ્રભુજીનું ધ્યાન

## છંદ : શાર્દૂલ વિક્રીડિત

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં –
પુંરુપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં –
રૂપં તત્ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥૧॥

# શ્રી સર્વોત્તમ સ્તોત્ર

## છંદ આર્યા

પ્રાકૃતધર્માનાશ્રયમ્અપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુધ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

## છંદ - અનુષ્ટુપ

કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥૨॥

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥
તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત ॥૪॥
ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છન્દો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥
વિનિયોગો ભક્તિયોગપ્રતિબન્ધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥
આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥
શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥
માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ ।

અંગીકૃતૌ સમર્યાદો મહાકારૂણિકો વિભુઃ ॥૧૦॥
અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥૧૧॥
વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥
સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ ।
સ્વાનન્દતુન્દિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥
કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તવ્દિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥
સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુપૂરિતાશેષસેવકઃ ॥૧૫॥
શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥
સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યં કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

વિરહાનુભવૈકાર્થા સર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તકઃ ॥૧૮॥
યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનન્દઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥
કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થં નાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥
સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥
ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥
પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયો ઽનન્ય- ભક્તેષુજ્ઞાપિતાશયઃ ॥૨૩॥
ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥
પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।

પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિત: ॥૨૫॥
તત્કથાક્ષિપ્તચિત્તાસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિય: ।
પ્રિયવ્રજસ્થિતિ: પુષ્ટિલીલાકર્તા રહ:પ્રિય: ॥૨૬॥
ભક્તેચ્છાપૂરક: સર્વાજ્ઞાતલીલોઽતિમોહન: ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્ત: પતિતપાવન: ॥૨૭॥
સ્વયશોગાનસંહૃષ્ટહૃદયામ્ભોજવિષ્ટર: ।
યશ:પીયૂષલહરીપ્લાવિતાન્યરસ: પર: ॥૨૮॥
લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહ: તલ્લીલાપ્રેમપૂરિત: ॥૨૯॥
યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદ: ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદ: ॥૩૦॥
સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક: ।
માયાવાદાખ્યતૂલાગ્નિબ્રહ્મવાદનિરૂપક: ॥૩૧॥
અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત: સહજસ્મિત: ।

ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુન્દરઃ ॥૩૨॥
અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૩૪॥
તદપ્રાપ્તૌ વૃથા મોક્ષાસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

**॥ ઈતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં શ્રી સર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ ॥**

## ॥ શ્રી વલ્લભાષ્ટકમ્ ॥

### છંદ સ્રગ્ધરા

શ્રીમદ્વૃંદાવનેન્દુપ્રકટિત રસિકાનન્દસન્દોહરૂપ -
સ્ફૂર્જદ્રાસાદિલીલામૃતજલધિભરાક્રાન્તસર્વોપિશશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવપ્રકટન હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્ -
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥૧॥

નાવિર્ભૂયાદ્ભવાશ્ચેદધિધરણિતલં ભૂતનાથોદિતાસન્
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગેપિજાતાઃ ।
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા ॥૨॥

ન હ્યન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધુરગ્રતઃ પત્યુરેવ ॥
તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાંતા યે તે નિસર્ગા ત્રિદશરિપુતયા કેવલાન્ધંતમોગાઃ ॥૩॥

પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિચરણાંભોજસેવાખ્યવર્ત્મ –
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ।
યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિકથમપિ કવાપ્યુપાહર્તુમિચ્છ –
ત્યદ્ધા તદ્ગોપિકેશઃ સ્વવદનકમલે ચારૂહાસે કરોતિ ॥૪॥

ઉષ્ણત્વૈકસ્વભાવોપ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટિર્ –
આર્તેષ્વત્યુગ્રમોહાસુરનૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।

સ્વસ્મિન્કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂતદેવત્વમેતદ્
યસ્માદાનંદદં શ્રીવ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્રે: ॥૫॥

આમ્નાયોક્તં યદંભોભવનમનલતસ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદૌ ભૂતરૂપાદભવદનલત: પુષ્કરં ભૂતરૂપમ્ ।
આનન્દૈકસ્વરૂપાત્ત્વદધિભુ યદભૂત્કૃષ્ણસેવારસાબ્ધિ -
શ્ચાનન્દૈકસ્વરૂપસ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥

સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ ભવત: સન્નિધાને કૃપાત:
પ્રાણપ્રેષ્ઠવ્રજાધીશ્વરવદનદિદૃક્ષાર્તિતાપો જનેષુ ।
યત્પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદપીત્થં
દૃષ્ટેપ્યસ્મિન્મુખેન્દૌ પ્રચુરતરમુદેત્યેવ તચ્ચિત્રમેતત્ ॥૭॥

અજ્ઞાનાદ્યંધકાર પ્રશમનપટુતા ખ્યાપનાય ત્રિલોક્યામ્ -
અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુત: કૃષ્ણ એવ ।
પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવનિગમાદ્યુક્તમાનૈરવેત્ય
ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજના: ગોકુલેશં ભજન્તે ॥૮॥

॥ ઈતિ શ્રીવિઠ્ઠલેશ્વર-વિરચિતં શ્રી વલ્લભાષ્ટકમ્ સંપૂર્ણમ ॥

# શ્રી સપ્ત શ્લોકી

## છંદ : શિખરિણી

સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતરસભરેણાતિભરિતા
વિહારાન્કુર્વાણાવ્રજપતિવિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા ગોપીભર્તુ: સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિ: સકરૂણા ।।૧।।

## છંદ : આર્યા

શ્રીભાગવતપ્રતિપદમણિવરભાવાંશુભૂષિતા મૂર્તિ:
શ્રીવલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ સૌભાગ્યમ્ ।।૨।।

## છંદ : શાર્દૂલ વિક્રીડિત

માયાવાદતમોનિરસ્યમધુભિત્ સેવાખ્યવર્ત્માદ્ભુતં
શ્રીમદ્ગોકુલનાથસંગમસુધા સંપ્રાપકં તત્ક્ષણાત્ ।
દુષ્પ્રાપં પ્રકટીચકાર કરુણા રાગાતિસંમોહન:
સ: શ્રીવલ્લભભાનુરૂલ્લસતિ ય: શ્રીવલ્લવીશાંતર: ।।૩।।

## છંદ : શિખરિણી

કવચિત્ પાણ્ડિત્યં ચેન્ ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાત્–યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।
યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈર્ –
ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ।।૪।।

## છંદ : શાર્દૂલ વિક્રીડિત

માયાવાદિકરીન્દ્રદર્પદલનેનાસ્યેન્દુરાજોદ્ગતઃ
શ્રીમદ્ભાગવતાખ્યદુર્લભસુધાવર્ષેણ વેદોક્તિભિઃ ।
રાધાવલ્લભસેવયા તદુચિત પ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્વલ્લભનામધેયસદૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ।।૫।।

## છંદ : પૃથ્વી

યદંઘ્રિનખમણ્ડલપ્રસૃતવારિપીયૂષયુગ્ –
વરાંગહૃદયૈઃ કલિસ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ ।
વ્રજાધિપતિરિન્દિરાપ્રભૃતિમૃગ્યપાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિતસ્તદનુગત્વમેવાસ્તુ મે ।।૬।।

અધૌઘતમસાવૃતં કલિભુજંગમાસાદિતં
જગદ્વિષયસાગરે પતિતમસ્વધર્મે રતમ્ ।
યદીક્ષણસુધાનિધિઃ સમુદિતોઙનુકમ્પામૃતાદ્ –
અમૃત્યુમકરોત્ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્ ॥૭॥

॥ શ્રીવિઠ્ઠલેશ્વર વિરચિતા શ્રી સપ્ત શ્લોકી ।

## શ્રી વલ્લભાધીશના ચરણકમલના દિવ્ય દર્શનની પૂસ્તિકા છપાવવા સંપર્ક નામ અને ટેલીફોન

(૧) વડોદરા, વ્રજબાલાબેન ફોન : ૦૨૬૫–૨૬૬૦૭૦૯
(૨) સુરત, જસુબેન પારેખ ફોન : ૦૨૬૧–૨૪૫૩૭૩૪
(૩) મુંબાઈ, જીતુભાઈ ફોન : ૦૨૨–૨૬૧૨૧૪૧૨
(૪) ભાવનગર, નટુભાઈ ફોન : ૦૨૭૮–૨૨૦૪૧૬૦
(૫) રાજકોટ, હસમુખભાઈ ફોન : ૦૨૮૧–૨૨૨૩૫૮૦
(૬) ધ્વારકા, સુંદરભાઈ મજીઠીયા ફોન : ૦૨૮૯–૨૨૩૪૮૦૬
(૭) દાહોદ, નિતેશ શેઠ ફોન : ૦૨૬૭–૩૨૪૨૬૨૨

(૮) ગોધરા, કૃષ્ણકાન્તભાઈ ફોન : ૦૨૬૭૨–૨૪૯૫૨૯

(૯) ઈન્દોર, મુકુન્દભાઈ સોની ફોન : ૦૭૩૧–૨૪૧૬૬૪૧

(૧૦) ખરગોન, કૃષ્ણદાસ મહાજન ફોન : ૦૭૨–૮૨૨૩૩૯૮

(૧૧) ગાંધીનગર, નીતા ફોન : ૦૨૩૨–૩૦૬૭૩

(૧૨) અહમદનગર, વિલાસ નાગરકર ગંજબજાર ગુજરાતી ગલી ફોન : ૦૨૪૧–૩૫૩૦૪૧

(૧૩) પુના, કૃષ્ણદાસ ફોન : ૦૨૦–૪૪૭૫૭૯૪

(૧૪) હૈદરાબાદ, ચંદ્રકાન્તભાઈ ફોન : ૦૪૦–૫૯૫૫૯૫૧

(૧૫) રાજકોટ, મનસુખભાઈ સોની ફોન : ૦૨૮૧–૨૨૫૮૨૧૯

(૧૬) લખનઉ, શ્રી ગિરિરાજ ધરણજી ગોવર્ધનનાથ સુભાષ માર્ગ

(૧૭) નાથદ્વારા, જગમોહન વિઠ્ઠલનાથજી મંદિરના મુખ્ય દ્વાર પાસે.

(૧૮) મહેસાણા, જયોતીન શાહ સાંકાભાઈ શેઠનો બંગલો, સ્ટેશન રોડ, મહેસાણા.

(૧૯) કલોલ, શરદ ગાંધી ફોન : ૦૨૭૬૪–૨૨૮૬૫

(૨૦) વિરમગામ, માણેકલાલ પંચાલ ફોન : ૦૨૭૧૫-૨૩૧૩૭૪

(૨૧) શિહોર, દીપકભાઈ ધોળકીયા ફોન : ૨૨૩૩૮/૩૧૩

(૨૨) ધાર (M.P.) રમેશભાઈ સોની ફોન : ૦૭૨૯૨ ૨૫૦૪૦૩૦

(૨૩) અમદાવાદ, વીણાબેન શેઠ ફોન : ૦૭૯ ૨૫૩૯૦૫૦૯

(૨૪) વાપી, રાજુભાઈ પારેખ ફોન : ૩૦૪૪૦

(૨૫) જેતપુર, કાનજીબાપા ફોન : ૨૦૭૫૯

(૨૬) થાનગઢ, માધવ સચદેવ ફોન : ૦૨૭૫૧ ૨૨૦૨૧૪

(૨૭) સુરત, પ્રાગજીભાઈ રવજીભાઈ સાવલીયા, ધરમનગર, અશ્વીનીકુમાર, સુરત-૮.

(૨૮) કાંદીવલી, વિનોદ મજીઠીયા ફોન : ૨૮૬૫૮૬૬૪

(૨૯) કલકત્તા, મહાવીરજી ચોગોદીયા ફોન : ૦૩૩-૨૧૫૩૯૧૦

(૩૦) ધોરાજી, સોનાલીબેન ફોન : ૨૨૨૩૬૦

(૩૧) કીશનગઢ, (રાજસ્થાન) ગોવિંદદાસ ફોન : ૦૧૪૬૩-૪૭૦૩૩

(૩૨) બોસ્ટન ઉત્પલ ગાંધી ફોન : ૦૦૧૭૮૧૯૩૫૫૧૧૩

(૩૩) તાન્જાનીયા, ચારૂબેન ફોન : ૦૦૨૫૫૨૨૨૧૫૧૫૮૫

(૩૪) દુબઈ, વિપુલ પટેલીયા ફોન : ૨૨૬૪૭૧૩

(૩૫) ઓસ્ટ્રેલીયા, અમ્બર દેસાઈ ફોન : ૦૪૦ ૧૩૭૧૯૨૧
(૩૬) લંડન, કૃણાલ પરીખ ફોન : ૪૪૭૯૩૯૫૬૭૨૯૦
(૩૭) ન્યુજર્સી, ઉમાબેન ફોન : ૦૧-૭૩૨-૨૯૭-૮૬૦૯
(૩૮) ડીટ્રોઈટ, મિનલ શાહ ફોન : ૦૦૧-૩૧૩૫૬૨૩૭૫૭
(૩૯) ન્યુયોર્ક, શારદાબેન બુટાલા ફોન : ૫૧૬-૭૭૫-૦૭૧૪
(૪૦) એટલાન્ટા, ચૈતન્ય ભટ્ટ ફોન : ૦૦૧-૭૭૦-૭૩૯-૮૨૫૯
(૪૧) વોશીંગ્ટન, ગીરીશ પટેલ ફોન : ૦૦૧-૩૦૧-૭૨૫-૪૩૩૬
(૪૨) સાન ફ્રાન્સીસ્કો, ગોપાલ ઠક્કર ફોન : ૬૫૦-૯૯૬-૭૧૮૪
(૪૩) બર્મીંગહામ, વસંત જે. પરીખ ફોન : ૦૦૪૪-૧૨૧-૨૪૩-૫૭૪૨

દૃઢ ઈન ચરણન કેરો, ભરોસો....
દૃઢ ઈન ચરણન કેરો.
શ્રી વલ્લભ નખ ચંદ્ર છટા બીન
સબ જગમાં જ અંધેરો ભરોસો....
સાધન ઔર નહી યા કલી મેં

જાસો હોત નિવેરો

સુર કહા કહે, દ્વિવિધ આંધરો

બીના મોલ કો ચેરો ભરોસો...

શ્રી ઠાકોરજીની સેવા-અપરસમાં ત્રણવાર બોલવો.

શ્રીકૃષ્ણઃ શરણં મમ શ્રીકૃષ્ણંઃ શરણં મમ શ્રીકૃષ્ણઃ શરણં મમ

સહસ્રપરિવત્સર મિતકાલજાતશ્રીકૃષ્ણ વિયોગ જનિત તાપ કલેશ આનન્દ તિરોભાવોડહં ભગવતે શ્રીકૃષ્ણાય શ્રીગોપીજનવલ્લભાય દેહ ઈન્દ્રિયપ્રાણ અન્તકરણાનિ. તત્ ધર્માન્ ચ દારા આગર પુત્ર આપ્ત વિત્તોહા પરાણિ આત્મના સહ સમર્પયામિ

દાસોડહં કૃષ્ણ તવાસ્મિ

શ્રી કૃષ્ણઃ શરણં મમ

શ્રી હરિરાયજી મહાપ્રભુજીની ખીમનોર-જેસલમેર બેઠકની જીર્ણોદ્ધાર કાર્ય માટે ઉદાર હાથે સેવા આપવા વિનંતી તથા અમારો સંપર્ક કરો.